રાજ્યભરમાં ઠંડીનો ચમકારો નલિયામાં પારો ૨.૫ ડીગ્રી

અમદાવાદમાં પણ પારો ગગડીને ૧૩.૬ ડીગ્રી, આગામી દિવસોમાં પણ રાજ્યમાં ઠંડીનું મોજું રહેવાની આગાહી

અમદાવાદ, તા. ૧૮

ઉત્તર-પૂર્વ તરફથી વાતા ઠંડા પવનોને કારણે સમગ્ર ગુજરાતમાં શિયાળાની જોરદાર જમાવટ થઈ છે. હવામાન ખાતા દ્વારા આજે સવારે પ્રસિદ્ધ કરાયેલા આંકડા અનુસાર, રાજ્યમાં સૌથી નીચું ૨.૫ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે, જ્યારે ડીસામાં પારો ગગડીને ૯.૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો. ભૂજમાં પણ ૧૦ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. કચ્છની સાથે સૌરાષ્ટ્રમાં પણ ઠંડીનું કાતિલ મોજું ફરી વળ્યું છે.

વિતેલા ૨૪ કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૧૩.૬ ડિગ્રી નોંધાયું છે. હવામાન ખાતું જણાવે છે કે, અમદાવાદમાં આગામી ગુરુવાર સુધી ઠંડીનું મોજું યથાવત રહેશે. આ ગાળા દરમિયાન શહેરનું મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રીની આસપાસ જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રીની આસપાસ રહેશે. જોકે, પવનનું જોર વધારે હોવાથી ઠંડીનો અહેસાસ પણ વધુ

થશે.

સમગ્ર સૌરાષ્ટ્રમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે જે આગામી સાત દિવસ સુધી યથાવત રહેશે. અમરેલીમાં આજે સવારનું તાપમાન ૧૦.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વિતેલા ૨૪ કલાકમાં રાજકોટમાં લઘુત્તમ તાપમાન ૯.૦૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું છે. આગામી ગુરુવાર સુધી રાજકોટમાં રાત્રીનું તાપમાન ૧૦-૧૨ ડિગ્રીની આસપાસ રહેશે, જ્યારે દિવસનું તાપમાન ૨૮થી ૩૦ ડિગ્રી જેટલું રહી શકે છે.

દક્ષિણ ગુજરાતમાં પણ હાલ શિયાળાએ જમાવટ કરી છે. વલસાડમાં ગઈકાલનું દિવસનું તાપમાન ૨૭.૫ જ્યારે રાત્રીનું તાપમાન ૧૩ ડિગ્રી નોંધાયું હતું. સુરતમાં આજ સવારનું તાપમાન ૧૫.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર, આગામી ગુરુવાર સુધી સુરતમાં દિવસનું તાપમાન ૩૦ ડિગ્રીની આસપાસ જ્યારે રાત્રીનું તાપમાન ૧૬ ડિગ્રી જેટલું રહી શકે છે.

વડોદરામાં પણ વિતેલા ૨૪ કલાકમાં લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી નોંધાયું છે. શહેરમાં આગામી સાત દિવસ સુધી દિવસનું તાપમાન ૨૯ ડિગ્રીની આસપાસ, અને રાત્રીનું તાપમાન ૧૬ ડિગ્રી જેટલું રહે તેવી શક્યતા છે. સોમવાર સુધી વાતાવરણ થોડું વાદળછાયું રહેશે, પરંતુ આગામી મંગળવારથી ગુરુવાર સુધી આકાશ સ્વચ્છ રહેશે.

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૧૦૭૫ કેસ નોંધાયો

રાજ્યમાં કોરોનાથી કુલ ૯ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૯૪૭૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૧૬૬૮૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો.

જો કે રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. આજે રાજ્યમાં નવા ૧૦૭૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૫૫ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૧૬,૬૮૩ દર્દીઓ સાજા થઇ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૨.૮૯ ટકા થઇ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૪,૭૫૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૪૨.૪૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૯,૪૪,૭૨૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૩,૭૬૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૧૩,૬૨૩ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૪૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૩૬૦ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૪ છે. જ્યારે ૧૨,૨૯૬ લોકો સ્ટેબલ છે. ૨,૧૬,૬૮૩ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૨૨૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૪, સુરત કોર્પોરેશન ૦૩, રાજકોટ કોર્પોરેશન ૦૧ અને વડોદરા ૧ દર્દી સહિત કુલ ૦૯ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વલસાડ જિલ્લાના ૧૨૪ ગામ અને ૪૦૪ ફળીયાને પીવાનું પુરતું શુદ્ધ પાણી પુરૂં પાડનારી રૂ. ૧૪૫.૧૪ કરોડની પાંચ પાણી પુરવઠા સુધારણા યોજનાના ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વિશાળ વોટરગ્રીડના નિર્માણથી દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોચાડવામાં ગુજરાતે સફળતા મેળવી છે તેવો સ્પષ્ટ મત આ વેળાએ વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં ઘરે ઘરે નળથી જળ, શૌચાલય, ગેસ-વીજ જોડાણ, જન-ધન એકાઉન્ટના લાભ આપ્યા છે. ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થકી વચેટીયાઓની નાબુદી અને દરેક પરિવારને પાકા ઘર આપવા માટે સરકાર કૃતનિશ્ચયી છે.

છેલ્લે...

- અમદાવાદમાં ૨૭ મીથી પુનઃ સી પ્લેનની સુવિધા કાર્યરત થશે.
- બહુચર્ચિત સુશાંતસિંહ ડ્રગકેસ સંદર્ભે ગાંધીનગર એફએસએલે ચકાસણી કરી ડેટા એનસીપીને સોંપ્યા.
- ગુજરાતમાં કોરોના વેક્સિન અંગેના સર્વેમાં ૫૦ વર્ષથી વધુ વયના ૭૦ લાખ નામોની નોંધણી થઈ. હજુ ૨ ઉમી સુધી સર્વે ચાલશે.
- દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ત્રણ ડિ.સે. દસ વર્ષનો વિક્રમ તુટ્યો.
- ચેન્નાઈમાં ડીએમકેએ ખેડૂત આંદોલનને સમર્થન કરી એક દિવસના ઉપવાસ કર્યા.
- ભાજપમાં જોડાયેલા સોવેન્દુ અધિકારીને ઝેડ પ્લસની સિક્યોરિટી અપાઈ.
- વિપુલ ચૌધરીને દૂધસાગર ડેરીની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવા કોર્ટની મંજૂરી
- આઈ.એ.એ.આર.-ના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવ કોરોનાથી સંક્રમિત.
- વસ્ત્રાપુર ખાતે માર્ગ અકસ્માતમાં બેના કરૂણ મોત.

ઉત્તર ગુજરાત યુનિ.ના વડાલી સબ સેન્ટરને સંપૂર્ણ કાર્યરત કરવા સત્તાવાળાઓ જાગ્યા

ત્રણ સેનેટ સભ્યોની કમિટીએ સબ સેન્ટરની મુલાકાત લીધી : ૨૩ ડિસેમ્બરે યુનિવર્સિટીની કારોબારી મીટીંગમાં અહેવાલ રજુ કરશે

હિંમતનગર, તા. ૧૮

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા થોડા મહિના અગાઉ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આવેલી અંદાજે ૧૨૫ કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓની સગવડ માટે વડાલી ખાતે સબ સેન્ટર કાર્યરત કરાયુ હતુ. જ્યાં અમુક મર્યાદિત કામગીરી થતી હતી જેથી અનેક વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કામ માટે પાટણ સુધી લાંબા થવુ પડતુ હતુ. જે અંગે હિંમતનગરના પૂર્વ સેનેટ સભ્યએ કરેલી રજુઆતને વાચા મળતા શુકવારે યુનિવર્સિટીના સત્તાવાળાઓએ સફાળા જાગીને વડાલી સબ સેન્ટરમાં વધુ સુવિધાઓ ઉભી કરવા માટે ત્રણ સેનેટ સભ્યોની કમિટીનું ગઠન કર્યુ હતુ. જેના ભાગરૂપે આ ટીમે શુકવારે વડાલી સબ સેન્ટરની મુલાકાત લઈને કઈ કામગીરી શરૂ કરવી જોઈએ તે અંગે જાણકારી મેળવી હતી.

આ અંગે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સીન્ડીકેટ સભ્ય હરેશભાઈ ચૌધરી, એસ.એ. ભટ્ટ તથા નરેશભાઈ પટેલે શુકવારે વડાલી સબ સેન્ટરની મુલાકાત લઈને પ્રવર્તમાન સમયમાં ચાલતી કામગીરી અંગે જાણકારી મેળવી હતી. જો કે પૂર્વ સીન્ડીકેટ સભ્ય નિતિનભાઈ સાધુએ આ સબ સેન્ટરમાં પરીક્ષાલક્ષી કેટલીક કામગીરી માટે પાટણનો ધક્કો ખાતા સાબરકાંઠા અને અરવલ્લીની કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને આપદા જાણીને તેને વાચા આપી હતી.

ત્યારબાદ સીન્ડીકેટના સભ્યોના ધ્યાને આવ્યા બાદ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સત્તાવાળાઓએ તરત જ સાબરકાંઠા અને અરવલ્લીની કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને કામગીરી માટે પાટણ સુધી ધક્કો ન ખાવો પડે તે માટે તપાસ કરીને વધુ સગવડો ઉભી કરવાના આશયથી સીન્ડીકેટના ત્રણ સભ્યોની ટીમનું ગઠન કર્યા બાદ આ ટીમે મુલાકાત લઈને કેટલીક વિગતો તૈયાર કરી છે. મુલાકાત દરમિયાન આ સીન્ડીકેટ સભ્યોની ટીમે કેટલીક કોલેજોના પ્રોફેસરો તથા પ્રિન્સિપાલ સહિત તજજ્ઞો સાથે પણ ચર્ચા કરી હતી.

વડાલી સબ સેન્ટરમાં આગામી સમયમાં વધુ સગવડો ઉભી કરવા માટે સીન્ડીકેટ સભ્યોની કમિટી તા. ૨૩ ડિસેમ્બરના રોજ પાટણ યુનિવર્સિટીમાં યોજાનાર કારોબારી બેઠકમાં વડાલી સબ સેન્ટરને લગતો અહેવાલ રજુ કરશે. જ્યા ચર્ચા વિચારણાને અંતે સબ સેન્ટરમાં સગવડો વધારવા અંગે હકારાત્મક કાર્યવાહી થવાની શક્યતા છે. તો બીજી તરફ સબ સેન્ટરમાં કામગીરીનું ભારણ વધશે જેને લઈને યુનિવર્સિટી દ્વારા વધઆરાના સ્ટાફની પણ વ્યવસ્થા કરાશે.

થરાદ બાયો ડીઝલ પંપના ઈંધણમાં ભેળસેળ જાહેર

થરાદ પંથકમાં અગાઉ બાયો ડીઝલ પંપ સામે કાર્યવાહી બાદ ઈંધણ ભેળસેળયુક્ત જાહેર થતાં એક ઈસમ સામે ફરીયાદ નોંધાઇ છે. તંત્ર દ્વારા અગાઉ પંથકના એક બાયોડીઝલ પંપ ઉપર અચાનક ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં શંકાસ્પદ ઈંધણનો જથ્થો જપ્ત કરી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. આ તરફ તપાસમાં ઈંધણ ભેળસેળયુક્ત હોવાનું ખુલતાં અને કોઈપણ જાતની મંજૂરી વગર રાખી વેચાણ કરતાં હોવાનું ખુલતાં એક ઈસમ સામે થરાદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઇ છે. બનાસકાંઠા જીલ્લાના થરાદથી વાવ હાઇવે પરના શ્રી ટ્રેડર્સ બાયોડીઝલ પંપ સામે તંત્રએ કાર્યવાહી કરી હતી. ગત તા. ૨૬/૯/૨૦૨૦ ના રોજ પુરવઠા અધિકારી અને મામલતદાર સહિતની ટીમે પેટ્રોલિયમ પદાર્થના વેચાણને લઈ તપાસ કરી હતી. જેમાં ૬૦૦ લીટર બાયોડીઝલ જેવા પદાર્થ કિ.રૂ.૩૭,૮૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી જથ્થાનું પરીક્ષણ કરવા એફએસએલમાં મોકલી આપ્યો હતો. આ તરફ તે જથ્થાના રીપોર્ટમાં ભેળસેળયુક્ત હોવાનું ખુલ્યુ હતુ.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, બનાસકાંઠા જીલ્લાના છાપી બાયોડીઝલ પંપ સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ આજે વધુ એક ઈસમ સામે ફરીયાદ દાખલ થઈ છે. થરાદ મામલતદાર દીલીપકુમાર દરજીએ અર્જુનગીરી ગોસ્વામી સામે ભેળસેળયુક્ત ઈંધણ કોઈપણ મંજૂરી વગર વેચાણ કરવાની ફરીયાદ નોંધાવી છે. થરાદ પોલીસે આરોપી સામે જરૂરી ચીજ વસ્તુઓનો અધિનિયમની કલમ ૩, ૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કુડોલ (ઘાંટા) પ્રાથિમક શાળામાં યુવકની તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી હત્યા

મોડાસા, તા. ૧૮

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં હત્યા, આત્મહત્યાના અને દુષ્કર્મના કેસોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસા તાલુકાના કુડોલ (ઘાંટા) પ્રાથમીક શાળામાં ગામના જ ૪૨ વર્ષીય યુવકની તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકેલી લોહીથી લથબથ હાલતમાં લાશ પડેલી જોઈ શિક્ષકો ગભરાઈ ગયા હતા. ગ્રામજનોના ટોળેટોળા ઉમટ્યા હતા હત્યાની ઘટનાના પગલે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા ઘટનાની ગંભીરતા સમજી ડીવાયએસપી ભરત બસીયા સહીત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે ત્રણ શકમંદ હત્યારાઓને દબોચી લીધા હતા અને પૂછપરછ હાથ ધરી છે.

કુડોલ (ઘંટા) પ્રાથમીક શાળાના ઓરડાઓ નજીક ગામના જ નાનાભાઈ રતાભાઈ તરાર (ઉં.વર્ષ-૪૨)ની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકેલી હાલતમાં લોહીથી લથબથ હાલતમાં લાશ મળી આવતા શાળાના શિક્ષકો સહીત ગ્રામજનો ચોકી ઉઠ્યા હતા.

હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે લાઈનનું કામ શરૂ કરવા માંગ

સ્ટીલ-આર્યન અને અન્ય રો મટીરીયલના ભાવમાં વધારો થતા ઉદ્યોગો ગંભીર પરિસ્થિતિમાં મુકાયાં

હિંમતનગર, તા. ૧૮

અમદાવાદથી હિંમતનગર થઈ ખેડબ્રહ્મા જતી મીટરગેજ રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટે રેલવેતંત્રએ મોટા ઉપાડે જાહેરાત કરી દીધા બાદ આરંભેસુરાની જેમ ટ્રેન સેવા બંધ કરીને મીટરગેજના પાટા ઉખાડી લીધા છે. પરંતુ આજે ચાર વર્ષ પછી પણ હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધીની લાઈન પર મીટરગેજ નાખવા માટે તસુભાર પણ કામગીરી થઈ નથી જેથી રાજ્યસભાના સાંસદ અને સાબરકાંઠાના વતની એવા મહિલા સાંસદે તાજેતરમાં ગુજરાતના સાંસદો સાથે યોજેયલી વર્ચુઅલ બેઠકમાં અન્ય સંસદ સભ્યોનો સાથ માંગ્યો છે.

આ અંગે રાજ્યસભાના મહિલા સાંસદ રમીલાબેન બારાના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લાના પછાત વિસ્તાર એવા ખેડબ્રહ્મા ખાતે બિરાજમાન મા અંબાના ચરણોમાં શિશ ઝુકાવવા માટે અવારનવાર લાખ્ખો ભક્તો આવે છે. અગાઉ અમદાવાદથી વાયા હિંમતનગર થઈ મીટરગેજ રેલવે લાઈન પર ટ્રેન સેવા ચાલુ હતી. દરમિયાન રેલવે તંત્રએ અમદાવાદથી હિંમતનગર થઈ ઉદેપુર સુધીની તથા ખેડબ્રહ્મા વચ્ચે મીટરગેજને બદલે બ્રોડગેજ નાખવા માટેની જાહેરાત કરી હતી. અને તે મુજબ ખેડબ્રહ્મા લાઈનને બાદ કરતા બાકીની ટ્રેન સેવા શરૂ કરવા કામગીરી અત્યારે આખરી તબક્કામાં ચાલી રહી છે. જો કે કોરોનાને લઈને અમદાવાદથી હિંમતનગર વચ્ચેની ટ્રેનસેવા બંધ છે.

પરંતુ રેલવે તંત્ર દ્વારા ચાર વર્ષ પછી પણ હિંમતનગરથી ખેડબ્રહ્મા બ્રોડગેજ રેલવે લાઈન નાખવા માટે તસુભર કામગીરી કરી નથી જો કે મીટરગેજના ટ્રેક ઉખેડી નાખવામાં આવ્યા છે. જેથી આ પછાત વિસ્તારની પ્રજાને ટ્રેનસેવાનો લાભ સત્વરે મળે તે માટે રાજ્યસભાના મહિલા સાંસદે ગત તા. ૧૬ ડિસેમ્બરના રોજ ગુજરાતના અન્ય સાંસદો સાથેની વર્ચુઅલ બેઠકમાં ઓનલાઈન વાતચીત કરીને સહકાર માગ્યો છે. સાંસદના દાવા મુજબ આ અંગે તેઓ રેલવેમંત્રીને પણ લેખિત રજુઆત કરશે અને જરૂર પડે દિલ્હી જઈ રેલવેમંત્રી સમક્ષ ધારદાર રજુઆત કરી અમદાદ-ખેડબ્રહ્મા વચ્ચેની રેલવે લાઈનનું કામ સત્વરે શરૂકરવા માંગ કરશે.

અંબાજી અને શામળાજીને જોડતી રેલ સેવા અંગે માંગ કરાશે

મહિલાસાંસદના જણાવાયા મુજબ ખેડબ્રહ્મા અંબાજી તથા શામળાજી સુધી ટ્રેનસેવા શરૂ કરવા માટે અગાઉ અંદાજે રૂ. ૧૬૬૦ કરોડના સુચિત પ્રોજેક્ટ અંગે પણ રેલવે તંત્ર દ્વારા સર્વે કરી કામ શરૂ કરવા રજુઆત કરાશે.

ગાંધીનગર, તા. ૧૮

ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને પેટ્રોલીયમ ગેસ અને સ્ટીલ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને પત્રો લખી એક નિવેદનમાં જણાવ્યુ છે કે આર્યન એન્ડ સ્ટીલ કંપનીઓ દ્વારા છેલ્લા કેટલાય મહિનાથી શરૂ કરાયેલો ભાવ વધારો ડિસેમ્બર માસમાં પણ ચાલુ રહ્યો છે અને જુલાઈ ૨૦૨૦થી દર મહિને સતત પ્રતિ ટન રૂ. ૭૫૦૦ થી રૂ. ૮૦૦૦ સુધીનો ભાવ વધારો અને બીજા રાઉન્ડમાં નવેમ્બરથી પ્રતિ ટન ૮૦૦૦ થી ૧૨૦૦૦ નો વધારો આવી પડ્યો છે. જેને લઈને વાહન ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ આયર્ન ઓરના ભાવમાં ખાસ વધારો થયો નથી પણ માંગ ઊંચી રહેતા કંપનીઓ છેલ્લા કેટલાક મહિનાથી ભાવ વધારો કરી રહી છે. તાજેતરના ભાવ વધારા સાથે હોટ રોલ્ડ કોઈલના ભાવ પ્રતિ ટન વધી રૂપિયા ૪૭૦૦૦ પહોંચી ગયો છે. સ્ટીલ અને આયર્નના ૨૦ ટકા ભાવ વધવાથી આજે ડાયરેક્ટ એક્સપોર્ટ, લોકલ પ્રોડક્ટ જેવા કે રેલવે, આઉસિંગ, એરપોર્ટ, ઈન્ફ્રાસ્ટર્કચર, એગ્રિકલ્ચર ઈક્યુપમેન્ટ જેવી ૬૦૦૦ પ્રોડક્ટને મશીનરીની જરૂર પડે છે, જેનો આધાર ફક્ત સ્ટીલ પર રહેલો છે, તેના ઉપર ભારે અસર પડી છે. આજે ગ્લોબલ કોમ્પીટીશનમાં ટકવા જો સ્ટીલનો ભાવ ગ્લોબલ માર્કેટથી ઉપર જશે તો આપણાં દેશમાં સ્ટીલથી બનતા સાધનોને અસર થશે. આથી દેશની રોજગારી તેમજ અર્થવ્યવસ્થા પર મોટો ફટકો પડશે. દેશની ઈકોનોમીનું નિકંદન નીકળી જશે તેમજ બેકારીમાં વધારો થશે. સ્ટીલનો ભાવ વધારો ફેક્ટરીને ૨ મહિના સુધી અસર કરશે પણ ભારણ ૧૩૦ કરોડ દેશની જનતા પર પડશે.

જિલ્લા પંચાયતની બેઠકોનું નવુ સીમાંકન ૩૬નો આંકડો કોને લાભ કરાવશે

સાબરકાંઠા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા હોદ્દેદારોની મુદત પૂર્ણ થવાને આરે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આગામી ટર્મ માટે યોજાનાર ૩૬ બેઠકોની ચૂંટણીમાં ઝંપલાવવા માટે અનેક મુરતીયાઓ રાજકિય શસ્ત્રો સજાવવાની પરોજણમાં પડી ગયા છે ત્યારે આ વખતે જિલ્લા પંચાયતનું નવુ સમીકરણ તમામ પક્ષો માટે એસીડ ટેસ્ટ પુરવાર થાય તેમ લાગી રહ્યુ છે. જોકે નવા સીમાંકનમાં ૩૬ પૈકી ૧૦ બેઠકો એસ.ટી. માટે અનામત રખાઈ છે. જ્યારે અન્ય જનરલ બેઠકો માટે પછાત વિસ્તારોનો સમાવેશ કરાયો છે તે ખરેખર નવુ સીમાંકન તૈયાર કરનાર નિષ્ણાતોના ભેજાની પેદાશ હોઈ શકે છે.

સાબરકાંઠા જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યોની પૂર્ણ થવાની છે ત્યારે ચૂંટણી પંચે ચૂંટણીઓ અંગે આપેલા અણસાર પરથી એવુ લાગી રહ્યુ છે કે શક્યતઃ ફેબ્રુઆરી અથવા માર્ચમાં ચૂંટણી યોજાઈ શકે તેમ છે જેના માટે સરકારે તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તો બીજી તરફ જિલ્લા પંચાયતોની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ભાજપ કોંગ્રેસ સહિત અન્ય નાના પક્ષો અને અપક્ષો ચૂંટણીમાં ઝંપલાવવા માટે તૈયાર થઈ રહ્યા છે. અને કાર્યકરો સાથે બેઠકો યોજીને ચૂંટણી લડવા માંગતા મુરતીયાઓ પાસેથી દાવેદારી મંગાવવાનું શરૂ કરી દીધુ છે. સાબરકાંઠા જિલ્લા પંચાયતની વાત કરીએ તો કુલ ૩૬ બેઠકો પૈકી નવા સીમાંકન મુજબ ૧૦ બેઠકો એસટી માટે ફાળવવામાં આવી છે. જે પૈકી જ્યા એસટીના સક્ષમ કાર્યકરો તથા અગ્રણીઓ ન હોય ઉપરાંત વસ્તીની દૃષ્ટીએ લઘુમતીમાં આવતી જ્ઞાતિના ઉમેદવાર માટે રાજકીય પક્ષોને દીવો લઈને શોધવા જવુ પડે તેવી સ્થિતિ સર્જાય તો નવાઈ નહી. બીજી તરફ હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, વડાલી અને ઈડર તાલુકામાં નવા સીમાંકન મુજબ કેટલીક સીટોને રીઝર્વેશને આધારે ફાળવણી કરાઈ હોવાથી ચૂટંણી રાજકીય લોકો માટે પાણી માપી જશે.

કામોનો વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ગુડા દ્વારા સ્ટ્રીટલાઈટ, રસ્તાની સુવિધા ઉભી કરાઈ છે. બાકી રહેતા વિસ્તારોમાં આ કામગીરી હવે મનપા દ્વારા કરાશે. ટી.પી. વિસ્તારોમાં માર્ગ બનાવવા માટે રૂ. નવ કરોડ અને કોબા-ઈન્દિરાબ્રીજના રસ્તેથી ભાટ ગામ સુધીના રોડનું મજબુતીકરણ કરવા માટે રૂ. ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્ય કામો હાથ ધરવામાં આવનાર છે. જેમાં પાંચ જાહેર શૌચાલયો બનાવવા માટે રૂ. ૧ કરોડ, વાવોલ, કુડાસણ, કોલવડામાં અદ્યતન લાયબ્રેરી માટે રૂ. ૩ કરોડ, ખોરજ, અમીયાપુર, પોર, કોલવડા અને વાવોલમાં પાણીની પાઈપલાઈન માટે રૂ. ૫ કરોડ ખર્ચવામાં આવશે. કોલવડા-વાવોલમાં અદ્યતન સ્મશાનગૃહ, વાવોલમાં ઉદ્યાન, વાવોલ તળાવના ડેવલપમેન્ટ માટે રૂ. ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

મેટ્રોરેલ યોજના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હવે મેગા કંપનીએ ૨૦૨૨માં અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટ પૂર્ણ કરાવાનો દાવો કર્યો છે. બીજી તરફ અમદાવાદની મેટ્રોરેલને ગાંધીનગર સુધી લંબાવવાની યોજના બનાવવામાં આવી છે પરંતુ તેમાં પણ વિલંબ થયો છે. મેગા કંપનીએ દાવો કર્યો છે કે ગાંધીનગરની મેટ્રોરેલનું કામ ૨૦૨૧માં શરૂ થશે અને ૨૦૨૩માં પૂર્ણ કરવામાં આવશે. જો કે નિર્ધારિત ૬૭૦૦ કરોડનો ખર્ચ વધીને ૭૦૦૦ કરોડને પાર જાય તેવી સંભાવના જોવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં મેટ્રોમાર્ગની કુલ લંબાઈ ૩૪.૫૯ કિલોમીટર હતી, પરંતુ સુધારેલા ડીપીઆર પ્રમાણે મેટ્રો રૂટની લંબાઈ ૨૮.૨૬ કિ.મી. થઈ છે. તેમાં બે કોરિડોર હશે - પ્રથમ ૨૨.૮૪ કિલોમીટરની લંબાઇ મોટેરા ને મહાત્મા મંદિર સાથે જોડાશે અને બીજી જીએનએલયુ (ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી) થી ૫.૪૨ કિલોમીટર લાંબી શાખા પીડીપીયુ અને ગીફ્ટ સિટીને જોડશે. કેન્દ્રએ બીજો તબક્કો મંજૂર કર્યો છે પરંતુ કોરોનાના કારણે કામ શરૂ થઇ શક્યું નથી પરંતુ ૨૦૨૧માં કામ શરૂ થાય તેવી સંભાવના છે.

નવી ઉડાન આપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. એટલુ જ નહીં પક્ષીઓનુ વેચાણ કરતા પ્રકાશ નટવર દેવીપુજક જે દહેગામ રહે છે તેના વિરુધ્ધ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. પક્ષીઓનુ વેચાણ કરતા પ્રકાશની પુછપરછ કરતા તેમણે સ્વીકાર્યુ હતુ કે અમદાવાદ ગુજરી બજારમાંથી આ પક્ષી લાવવામાં આવ્યા હતા. જયારે છેલ્લા એક અઠવાડીયાથી ગાંધીનગરમાં પક્ષીઓનુ વેચાણ કરતા હતા. એક જાગૃત નાગરિકની અરજીના અંતે વન વિભાગ હરકતમાં આવ્યુ હતુ અને જવાબદાર તત્વો સામે પગલા લીધા હતા. અબોલ પક્ષીઓને આઝાદ કરવાનુ ઉમદા કામ પણ વનતંત્રએ કર્યુ હતુ.

તીવ્ર મોજુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોકઅપ થઈ ગઈ હતી. હિમાલયના રાજ્યોની સાથે સાથે ઉત્તરભારતના મેદાની રાજ્યોમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. રાજસ્થાનના સીકરમાં ગુરુવારે લઘુતમ તાપમાન સામાન્યથી પાંચ ડિગ્રી નીચે ૦.૫ ડિગ્રી નોંધાયું હતું. રાજસ્થાનના ૧૮ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ચાલ્યું હતું.

પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી સહિતના મેદાની રાજ્યોમાં ઠંડીનો પારો સામાન્યથી પાંચ ડિગ્રી ઓછો નોંધાયો હતો. ભારતીય હવામાન વિભાગના કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પશ્ચિમી હિમાલયમાં ભારે હિમવર્ષા થઈ છે. તેના કારણે કાતિલ ઠંડા પવનો મેદાની વિસ્તારો તરફ વહેતાં તાપમાનનો પારો ગગડી રહ્યો છે. પશ્ચિમ રાજસ્થાનમાં ગંભીર શીતલહેર વ્યાપી છે. રાજસ્થાનના અન્ય વિસ્તારોમાં કોલ્ડવેવ ચાલી રહ્યો છે. હર